મુંબઈ ઇલાકાના તથા વડોદરા રાજ્યના દેશી કેળવણી ખાતામાં
ઈનામમાં આપવા માટે મંજુર થયું છે.

श्रीजगदंबायै नमः

સચિત્ર
બાળશિક્ષા.

કર્ત્તા
ગણપતરામ મુગટરામ વ્યાસ.
ક્લાર્ક, વિદ્યાધિકારી ઑફિસ, વડોદરા રાજ્ય.
શ્રેષ્ઠ સલાહકાર, ભાગ ૧-૨ સચિત્ર બાળબોધ, ઇ. ના કર્ત્તા.



પ્રસિદ્ધ કરનાર
ઈશ્વરલાલ મુગટરામ વ્યાસ
કારકુન મુનસફ કોર્ટ—પાદરા.
મુંબાઈ, કોલભાટ લેઇન નં. ૨૩ માં આવેલા
"નિર્ણયસાગર" પ્રેસમાં બાળકૃષ્ણ રામચંદ્ર
ઘાણેકરે માલીકને માટે છાપ્યું.
સંવત્ ૧૯૬૬ સને ૧૯૧૦.
કીંમત ૨ આના.

શિક્ષકને વિનંતિ.

હાલ ગુજરાતી શાળાઓમાં ધોરણ બહારના વર્ગોમાં વિદ્યાર્થીઓ માટે ઠરાવેલા વિષયમાં **મુખ્ય માસ્તરે કોઇ કોઇ વખત સાદી અને મનોરંજક વાર્તા વર્ગમાં કહેવા માટે જણાવેલું છે.** આવી વાર્તા કહેવાનો મુખ્ય ઉદ્દેશ નાના બાળકોને શાળામાં આવતાં જે ભીતિ ઉત્પન્ન થાય છે તે દૂર થાય, અને માસ્તર સાથે સ્નેહ થઇ તેઓને શાળામાં આવવાનું વલણ થાય તથા શીખવામાં રસ પડે એજ છે, કારણ રસીલી વાર્તાઓ સાંભળવાની તેઓને ઘણી આકાંક્ષા હોય છે. વળી સ્પષ્ટ રૂપમાં આપાયેલા બોધ કરતાં તેમના લાયકની વાર્તામાં મળેલા બોધની અસર તેમને વહેલી થાય છે, એમ ધારી લઘુ વાર્તાઓના સંગ્રહરૂપે આ નાનકડું પુસ્તક લખ્યું છે.

આ પુસ્તક નાનાં બાળકો માટે હોવાથી વાર્તાની ભાષા ઘણીજ સહેલી અને ઘરગુની રાખવામાં આવી છે. વળી દરેક વાર્તામાંથી વિદ્યાર્થીઓએ શો સાર ગ્રહણ કરવો, તે પણ નીચે ટૂંકામાં જણાવ્યું છે.

જો કે આ વાર્તાઓ નાનાં બાળકો માટે છે, તોપણ પહેલા અને તે ઉપરાંતના ધોરણના વિદ્યાર્થીઓ પાસે તે વંચાવી તેમાંનો ઉદ્દેશ તેમના મનમાં ઠસાવવા માટે શિક્ષક વર્ગ યત્ન કરશે તો નીતિશિક્ષણ આપવાનું મહત્વનું કાર્ય જે તેઓને માથે છે, તેનો કંઈ પણ અંશ તેઓ સફળ કરશે, એવી આશા છે. તા. ૪-૫-૯૭.

પહેલી આવૃત્તિમાં ચિત્રો ૧૮ હતાં તેને બદલે આ આવૃત્તિમાં ૩૬ ચિત્રો મૂકવામાં આવ્યાં છે.

સુધારા વધારા સાથે દશમી આવૃત્તિ છપાવી. તા. ૧-૧૦-૧૦.

વડોદરા અમદાવાદી પોળ,
કેડવાશેરી. } **ગણપતરામ મુગટરામ વ્યાસ.**

સચિત્ર

બાળશિક્ષા.

માબાપની આજ્ઞા માનવી અને દરેક કામમાં તેમને મદદ કરવી.



એક દિવસ માસ્તરે કહ્યું, છોકરાંઓ, તમારાં માબાપ તમને અન્ન વસ્ત્ર આપેછે અને બધી રીતે તમારૂં રક્ષણ કરેછે; માટે તમારે તેમના કહ્યામાં રહેવું તથા હરેક કામમાં તેમને મદદ કરવી જોઇએ.

વાર્તા ૧ લી. માબાપની સેવા.

શ્રવણ નામે એક બ્રાહ્મણ હતો. તેનાં માબાપ આંધળાં હતાં. તેઓ ગરીબ હોવાથી શ્રવણ ભીખ માગી લાવી તેમનું ગુજરાન ચલાવતો, તથા હમેશ તેમના કહ્યામાં રહી તેમની સઘળી ઇચ્છાઓ પૂરી પાડતો હતો. એક દિવસ તેના માબાપે કહ્યું, "ભાઇ, તું અમને સઘળી જાત્રાઓ કરાવ." આ સાંભળી કહ્યાગરા શ્રવણે વિચાર કર્યો કે તેઓ આંધળાં તથા ઘરડાં છે તેથી પોતાની મેળે ચાલી જાત્રા કરી શકે તેમ નથી. એમ વિચારી તેમને માટે એક કાવડ તૈયાર કરાવી અને આગલા ભાગમાં પિતાને તથા પાછલા ભાગમાં માતાને બેસાડ્યાં. પછી તે કાવડ ખાંધે લઈ તેમને દરેક જાત્રા કરાવી.

ધન્ય છે! આવા કહ્યાગરા છોકરાને.

વાર્તા ૨ જી. ઘરડો ઉંદર તથા તેનો છોકરો.



એક દિવસ રામદાસ પટેલ પોતાના ખેતરમાં ફરતા

હતા એવામાં તેમણે એક નવાઇ જેવો તમાસો જોયો. તે ખેતરમાં ઉંદરોને ખાવામાટે દાણા નહોતા, તેથી તેઓ ત્યાંથી બીજા ખેતરમાં જતા હતા. તેમનાં કેટલાંક ઝોલાં ગયા પછી છેવટે પટેલના જોવામાં એમ આવ્યું કે, એક ઘરડા ઉંદરે એક લાકડીનો છેડો પોતાના મોંમાં રાખ્યો હતો, અને એક જુવાન ઉંદરે તેનો બીજો છેડો પોતાના મોંમાં રાખી પોતે તે ઘરડા ઉંદરને દોરતો હતો. આ જોઇ પટેલ આશ્ચર્ય પામ્યા અને તપાસ તથા વિચાર કરી જોતાં તેમને જણાયું કે તે ઘરડો ઉંદર પેલા જુવાન ઉંદરનો બાપ થતો હતો, તેમજ તે આંધળો હોવાથી તેનો છોકરો તેને લાકડીવતી દોરતો હતો.

સારઃ–છોકરાઓ ! ઉંદર સરખાં પ્રાણી પોતાનાં માબાપની સેવા કરેછે તો આપણે તો આપણાં માબાપની સારી રીતે સેવા ચાકરી કરવી તથા હુમેશાં તેમના કહ્યામાં રહેવુંજ જોઇએ.

વાર્તા ૩ જી. ખરૂં ધન.

એક વાર ચુનીલાલના ઘરમાં નીચલે માળથી ભારે આગ થઈ, તે વખત તે અને તેનાં ઘરડાં માબાપ ત્રીજે માળ સૂતાં હતાં. મધરાતે આગની બૂમ થઇ કે તે એકદમ જાગી ઉઠયો ને જુએ છે તો ઘરની અંદર નીચલે માળે આગના ભડકા તથા વચલે માળે ધૂમાડાના ગોટેગોટ નીકળી રહ્યા હતા. આથી તે ઘણોજ ગભરાયો. નીસરણીએ જઇ જુએછે તો તે પણ સળગી હતી. તેણે ઘરની આગલી બારી ઉઘાડી અને પોતે ઓઢેલું ધોતિયું બારી પાસેની વળીએ બાંધ્યું, તથા તેવડે પ્રથમ પોતાના બાપને અને પછી પોતાની માને વારાફરતી

નીચે ઉતાર્યાં. પછી પોતે નીચે ઉતરી કહેવા લાગ્યો કે, મારાં માબાપ ઉગર્યાં એટલે મારૂં સર્વ ઉગર્યું.

સારઃ–સાબાશ છે આવા પુત્રને કે જેણે બધી ચીજો અને ધન કરતાં પણ પોતાનાં માબાપને વધારે વહાલાં ગણ્યાં.

---

૨. હમેશાં સાચું બોલવું.



છોકરાંઓ, હમેશાં સાચું બોલવું, મશ્કરીમાં પણ જૂઠું બોલવું નહિ. જૂઠું બોલવાથી જો કે દેખીતો ઘણોજ ફાયદો થતો હોય અને સાચું બોલવાથી ઘણુંજ નુકસાન થતું હોય તોપણ તે ખમી સાચુંજ બોલવું જોઇએ; જૂઠું બોલવું, એ મહાપાપ છે; પાપી અને નીચ માણસનું એ કામ છે; સારા વિદ્યાર્થી તો મશ્કરીમાં પણ જૂઠું બોલતા નથી.

વાર્તા ૪ થી. રાજા અને કેદી.



એક દિવસ રાજા પોતાના તાબાના કેદખાના આગળ થઇને જતા હતા, તેવામાં તેમણે ચાર કેદી જોયા. તે દરેકને કેદમાં પડવાનું કારણ પૂછ્યું, તો પહેલાએ કહ્યું, "મેં કંઇ ગુન્હો કર્યો નહોતો પણ સાહેદીએ જૂઠી સાક્ષી પૂરવાથી હું કેદમાં પડ્યો છું." બીજાએ કહ્યું, "ન્યાયાધીશ સાથે મારે વેર હોવાથી તેણે મને કેદમાં નાખ્યો છે." ત્રીજાએ કહ્યું, "ફક્ત મારા ઉપર ચોરીનો વહેમ લાવી મને આ સજા કરી છે." આવી રીતે ખોટાં કારણ જણાવી ત્રણે કેદીઓએ ત્યાંથી છૂટવામાટે રાજાને વિનંતિ કરી. પછી રાજાએ ચોથાને પૂછ્યું, "તારે કંઈ કહેવું છે?" તેણે કહ્યું "મહારાજ! ક્ષમા કરો. મારૂં કાળું મોં બતાવતાં મને શરમ આવેછે; કારણ કે મેં રૂપિયાની કોથળી ચોરી હતી, તેથી મને આ શિક્ષા થઈ છે." રાજાએ કહ્યું, "ત્યારે તો આ શાહુકાર લોકો સાથે તું

રહેવા લાયક નથી; માટે જા, તને શિક્ષા માફ કરવામાં આવી છે." એમ કહી તેને છોડી મૂક્યો.

સારઃ–એકાદ વખત ખોટું કામ થઇ ગયું હોય તો પસ્તાવો કરી માફી માગવી જોઇએ. જુઓ, સાચું બોલી માફી માગવાથી ચોથા કેદીને છોડી મૂક્યો.

વાર્તા ૫ મી. એક કઠિયારો અને તેની કુહાડી.



એક કઠિયારો નદીને કિનારે ઝાડ કાપતો હતો, તેવામાં તેના હાથમાંથી કુહાડી લપસી ગઇ અને તે નદીમાં પડી. તેમાં પાણી ઘણુંજ હોવાથી તેનાથી તે કાઢી શકાઈ નહિ, તેથી તે કાંઠા ઉપર બેસી પોકેપોક મૂકી રડવા લાગ્યો. તેને રડતો જોઈ દેવને દયા આવી તેથી પોતે નદીમાં ડૂબકી મારી એક સોનાની કુહાડી કાઢી અને કઠિયારાને પૂછ્યું, "આ તારી કુહાડી કે ?" તેણે કહ્યું, "ના." દેવે બીજી વાર ડૂબકી મારી રૂપાની કુહાડી કાઢી અને તેને પૂછ્યું, "આ તો તારીજ છેની ?" તેણે કહ્યું, "ના." ત્યારે દેવે ત્રીજી વાર ડૂબકી મારી તેની

લોઢાની કુહાડી કાઢી અને પૂછ્યું, "આ કુહાડી પણ તારી છે કે નહિ?" તેણે કહ્યું, "હા, એજ મારી છે. પેલી સોના રૂપાની મારી કેમ કહેવાય!" આ સાંભળી તેને સાચાબોલો જાણી દેવને આનંદ થયો, જેથી બાકીની સોના રૂપાની કુહાડી પણ તેને આપી દીધી.

આ જોડી કાઢેલી વાતનો સારઃ—છોકરાઓએ સાચું બોલવાની ટેવ પાડવી, તેથી ઘણો ફાયદો થાય છે. તુરત ફાયદો કે નુકસાન ન જણાય પણ સાચું બોલવાથી અંતે ઘણોજ લાભ થાય છે.

૩. કદી ચોરી કરવી નહિ.

ચોરીનું પરિણામ હમેશાં ખરાબ આવે છે. મને હમણાં કોઇ પકડશે, મને હમણાં કોઇ પકડશે, એવી ચોરી કરનારને હમેશાં બીક રહે છે. કદાચ એકાદ વખત તો તે ફાવી જાય પણ અંતે તે પકડાય છે ત્યારે સરકાર તેને ભારે શિક્ષા કરે છે તેથી તેની ઘણી ફજેતી થાય છે.

વાર્તા ૬ ઠ્ઠી. બિલાડી.



માસ્તર—મણિલાલ, તેં બિલાડી જોઈ છે કે?

મણિ૦—હાજી.

માસ્તર—ક્યાં?

મણિ૦—મારે ઘેર.
માસ્તર—વારૂ તે શું ખાય છે ?
મણિ૦—ભાત, રોટલી વગેરે.
માસ્તર—બીજું એ કંઈ છાનુંમાનું ખાય છે કે ?
મણિ૦—હા સાહેબ, દૂધ, ઘી, ચોરીને ખાય છે.
માસ્તર—તે **ચોરીને** ખાય ત્યારે તું શું કરે છે ?
મણિ૦—હું તેને લાકડીવતી મારૂંછું.
માસ્તર—શા માટે ?
મણિ૦—ચોરી કરે છે તે માટે.
માસ્તર—કોઈ માણસ ચોરી કરે તો તેને શું કરવું ?
મણિ૦—સાહેબ, ચોરને તો બહુજ શિક્ષા થવી જોઈએ.

સારઃ—કોઈ દિવસ ચોરી કરવી નહિ.

વાર્તા ૭ મી. ચોરી કરનાર છોકરો.



માધુ નામના છોકરાને નાનપણથી બીજા છોકરાઓની વસ્તુ ચોરવાની ટેવ પડી હતી. એક વખત તેણે બીજા છોકરાના ગજવામાંથી ધીમેથી ચપ્પુ ચોરી લીધો.

આ વાતની માસ્તરને ખબર પડવાથી તેને સખ્ત શિક્ષા કરી, અને ફરીથી કોઇ દિવસ ચોરી નહિ કરવા વિષે તેને શિખામણ દીધી; તોપણ પડેલી કુટેવ તેણે છોડી નહિ. આ પ્રમાણે નાની ચોરી કરતાં મોટપણે તે મોટી ચોરીઓ કરવા લાગ્યો અને છેવટે પકડાયો, જેથી તેને કેદની શિક્ષા થઇ.

સારઃ—એકાદ વખત પણ ચોરી કરવાની કે એવી નઠારી ટેવ પડી તો પછી તે જતી નથી, માટે તેનાથી વેગળા રહેવું જોઇએ.

---

૪. સંતોષ રાખવો.


સંતોષ ન રાખવાથી નુકસાન થાય છે, માટે જે કંઇ આપણને મળે તેમાં આનંદ માનવો જોઇએ. કહેવત છે કે "સંતોષી નર સદા સુખી."

વાર્તા ૮ મી. રાજા અને દાડમનું ઝાડ.

એક પટેલના આંગણામાં દાડમનું ઝાડ હતું, તે બારે માસ ફળતું હતું. એક વખતે પટેલે કેટલાંક દાડમ પોતાના રાજાને ભેટ કર્યાં, તે ઘણાં સ્વાદિષ્ટ હોવાથી રાજા ઘણોજ ખુશી થયો અને હમેશાં સર્વ દાડમ પોતાનેજ મળે એવા વિચારથી જબરદસ્તીથી તે ઝાડ પટેલના આંગણામાંથી ખોદાવી પોતાના બાગમાં લઈ જઈ રોપાવ્યું, જેથી તે લાગલુંજ સૂકાઇ ગયું અને પછી રાજાને કોઇ દિવસ એક પણ દાડમ મળ્યું નહિ.

સારઃ—જે માણસ લોભ કરેછે તેને પાછળથી પસ્તાવું પડે છે.

વાર્તા ૯ મી. રોજ સોનાનું ઇંડું મૂકનારી મરઘી.



એક માણસ પાસે મરઘી હતી. તે દરરોજ એક સોનાનું ઈંડું મૂકતી હતી; પરંતુ તે માણસ સંતોષી ન હોવાથી તેના મનનું સમાધાન થયું નહિ, તેથી તેણે એક દિવસ વિચાર કર્યો કે, જો હું આ મરઘીને મારી નાખું તો તેના પેટમાંનાં તમામ સોનાનાં ઇંડાં મને એકદમ મળે, એમ વિચાર કરીને તેણે તે મરઘીને મારી નાખી પરંતુ તેના પેટમાંથી કંઇજ નીકળ્યું નહિ.

આ વાત જોડી કાઢેલી છે, તોપણ તેમાંથી સાર એ લેવો કે જે મળે તેમાં હમેશાં સંતોષ માનવો. વધારે લોભ કરવાથી મળેલું પણ ખોઈ નાખવાનો વખત આવે છે.

---


૫. પ્રાણી ઉપર દયા રાખવી.



કોઇ પણ પ્રાણીને દુઃખ દેવું, એ ઘણુંજ નીચ કામ છે. મિત્રો ! તમે જાણો છો કે, મુંગાં પ્રાણી માણસ સાથે માયાળુપણે વર્તે છે, એટલુંજ નહિ પણ સૌ પોતપોતાની

શક્તિ પ્રમાણે માણસને ઉપયોગી થઇ પડે છે. જુઓ, ઉપરના ચિત્રમાં ગાય છે તે પણ દૂધ, દહીં, ઘી આપે છે.


વાર્તા ૧૦ મી. સિપાઈ અને સોનું લાદેલો બળદ.



એક રાજાએ બળદ ઉપર કેટલુંક સોનું લાદી બીજા રાજા તરફ સિપાઇ સાથે ભેટ મોકલાવ્યું. સિપાઇ અને બળદ સાથે સાથે કેટલાક ગાઉ ગયા ગછી તે બળદ ઘણોજ થાકી ગયો, જેથી સિપાઇએ તે ભાર પોતાને માથે ઉંચકી લીધો અને રાજા પાસે લઈ ગયો. આ જોઇ રાજાએ પૂછ્યું કે, "આ સોનું બળદ પાસે નહિ ઉંચકાવતાં તું તારે માથે કેમ ઉંચકી લાવ્યો?" તેણે કહ્યું, "મહારાજ, બળદ ઘણોજ થાકી જવાથી હું ઉંચકી લાવ્યો." આ સાંભળી રાજા ઘણાજ ખુશી થયા અને તે સિપાઇને આવો દયાળુ જાણી ઉંચકી આણેલા દ્રવ્યમાંથી ઘણું ધન તેને આપ્યું.

સારઃ—મિત્રો, સૌના ઉપર દયા રાખવી.

વાર્તા ૧૧ મી. ઘોડો અને નાનો છોકરો.



એક દિવસ ત્રણ ચાર વર્ષનો નાનો છોકરો એક મોટી સડકની સામી બાજુએ ધીમે ધીમે જતો હતો, તેવામાં તે વચ્ચોવચ્ચ પડી ગયો. એટલામાં આઘેથી એક દોડતી ગાડી આવવા લાગી, જેથી પાસે ઉભેલા ઘોડાએ જાણ્યું કે હમણાંજ આ છોકરો ચગદાઇ જશે, એમ ધારી તે પેલા છોકરા પાસે આવ્યો અને મોંવતી તેનો કોટ પકડી તેને સડકની એક કોરે મૂકી દીધો. આવી રીતે તેણે તે છોકરાનો જીવ ઉગાર્યો.


જુઓ, ઘોડા સરખા પ્રાણીમાં પણ આટલું ડહાપણ અને દયા છે, તો આપણે તો વધારે ડહાપણ અને દયા રાખવાં જોઇએ.

---

૬. અરસપરસ ઉપકાર કરવો.


કોઈ પણ માણસને તેના દુઃખની વખતે આપણે સહાય કરી હોય તો તેનો કોઇ પણ પ્રકારે બદલો મળ્યા-વિના રહેતો નથી. વળી ઉપકાર વગરનો માણસ કોઇને

વહાલો લાગતો નથી. એટલામાટે નાનપણથી એક બીજા ઉપર ઉપકાર કરવાની ટેવ પાડવી જોઇએ.



જુઓ, ભેંસ પણ માણુસોને કેટલો ઉપકાર કરે છે ?

વાર્તા ૧૨ મી. કુતરાની ચતુરાઇ.




એક વખત એક કુતરો રસ્તામાં બેઠો હતો. તેનાપર ઓચિંતી ગાડી ચાલી જવાથી તેનો પગ ભાગી ગયો. એટલામાં પાડોશમાં બેઠેલા એક મલમપટો કરનારાને દયા આવવાથી તેનો પગ ચઢાવી ઠેકાણે આણ્યો, જેથી થોડા દિવસમાં તેને આરામ થઇ ગયો. આ ઉપકારથી તે કુતરો તે માણુસને અથવા તેના ઘરનાં બીજાં આદ-

મીને દેખે તો પોતે અરધો અરધો થઈ જાય, તેમના હાથ પગ ચાટે તથા જાણે કહેતો હોયની કે, મારા ઉપર તમારો મોટો ઉપકાર થયો છે, તેમ અવાજ કરી હસે, રમે ને ગેલ કરે. એક દિવસ તેના ઘરમાં ખાતર પડ્યું, અને ચોર લોકો સઘળું ધન લઇ ગયા; તેથી તેણે સવારે ઉઠી ખાતર પડેલું જાણી છાતી કૂટવા ને ર[illegible] માંડ્યું. એટલામાં પેલો કુતરો આવી તેની પિછોડી [illegible]ણવા લાગ્યો. તે બાબત કેટલીક વાર સુધી પેલો માણ[illegible] સમજ્યો નહિ; પણ છેવટે બીજા લોકોએ કહ્યું, ભાઈ, જુઓ તો ખરા, આ કુતરો તમારી પિછોડી શા મા[illegible] તાણે છે? પછી તે કુતરે જ્યાંસુધી પિછોડી તાણ[illegible] ત્યાંસુધી તે ગયો ને જે ઠેકાણે કૂતરે ખોદવા માંડ્યું [illegible] ઠેકાણે તેણે ખોદ્યું તો તેને બધું ધન જડયું.

સારઃ—આ રીતે કુતરા ઉપર કરેલા ઉપકારનો બદલો તે મુંગા પ્રાણીએ વાળી આપ્યો, તો માણસ ઉપર કરેલો ઉપકાર ક્યાં જાય ? વળી ઉપકારને બદલે ઉપકાર કરવો એ આપણી ફરજ છે પણ અપકારને બદલે ઉપકાર કરવો, એ ઘણી જ વડાઇનું કામ છે.

વાર્તા ૧૩ મી. મધમાખી અને ભમરો.



એક વખત એક મધમાખીને એક ભમરો મળ્યો

ત્યારે તેણે મધમાખીને કહ્યું, "અરે બાઇ, આપણે એકજ જાતનાં પ્રાણી છીએ, એટલુંજ નહિ પણ મારી પાંખો ઉપર સોનેરી રંગનો ચળકાટ હોવાથી હું તારા કરતાં વધારે સારો દેખાઉં છું તેમ છતાં લોકો તારા ઉપર માયા રાખેછે અને મને ધિક્કારી હાંકી કાઢે છે તેનું કારણ શું ?" મધમાખીએ કહ્યું, "તું લોકોને કોઈ પણ રીતે ઉપયોગી થઈ પડતો નથી, પણ ઉલટો તેઓને કરડે છે અને આખો દીવસ ગણગણાટ કરી ત્રાસ આપે છે; તેટલા માટે તે તને ધિક્કારી હાંકી કાઢે છે; પરંતુ હું તેઓને માટે હમેશાં પુલકાંટામાં ભટકી મધ તૈયાર કરી રાખું છું. અને જો કે તારા કરતાં મારો ડંખ જબરો છે છતાં હું તેનો ઉપયોગ દબાયે ચંપાયે કરૂં છું તેથી તે સર્વે મારા ઉપર માયા રાખે છે. માટે તું પણ લોકોને ઉપયોગી પડતો જા, અને પરોપકાર કરવામાં મહેનત લે કે જેથી તેઓ તારા ઉપર હેત રાખશે."

આ જોડી કાઢેલી વાતનો સાર એ છે કે, આપણે પણ સૌને ઉપયોગી થવું કે તેઓ આપણને ચાહે અને આપણાથી કંટાળે નહિ.

---

૭. શરીર અને લૂગડાં ચોખ્ખાં રાખવાં.



પશુ તથા પંખીઓને પણ ચોખ્ખાઈ ઘણી વહાલી છે.

જુઓ, ઉપરના ચિત્રમાં પોપટ છે તે પણ કેવો સ્વચ્છ છે! વળી માખી ગંદા પદાર્થ ઉપર બેસેછે, તોપણ તે હમેશાં પોતાની પાંખો સાફ કરી કેવી સ્વચ્છ રહે છે. માટે છોકરાઓ, તમારાં શરીર અને લૂગડાં ચોખ્ખાં રાખો. ભારે કીંમતનાં મેલાં લૂગડાં પહેર્યા કરતાં હલકી કીંમતનાં ચોખ્ખાં લૂગડાં પહેરવાથી ઘણો લાભ થાય છે.

વાર્તા ૧૪ મી. શ્રીમંત મહારાજા સાહેબ અને વિદ્યાર્થી.



એક નિશાળમાં ઘણા વિદ્યાર્થી હતા, તેઓનાં શરીર અને કપડાં ચોખ્ખાં રાખવા માટે માસ્તર તેમને હમેશાં

કહેતા હતા, પરંતુ કેટલાક ગંદા અને મૂર્ખ છોકરાઓ તેપર લક્ષ આપતા નહિ. એક દિવસે વડોદરા રાજ્યના શ્રીમંત મહારાજા સાહેબે તે નિશાળની ભેટ લીધી તે વખતે સાથે આણેલાં સારાં સારાં ચિત્રનાં પુસ્તકો જે છોકરાઓનાં શરીર અને કપડાં ચોખ્ખાં હતાં તેમને ઇનામ તરીકે આપ્યાં; જેથી કેટલાક છોકરાઓનો પોશાક ભારે પણ મેલો હોવાથી તેમને ઈનામ મળ્યું નહિ, પણ કેટલાક છોકરાઓનાં લૂગડાં સાદાં અને ચોખ્ખાં હતાં, તેમને ઈનામ મળ્યું. આથી જેઓને ઇનામ ન મળ્યું, તેઓ ઘણાજ પસ્તાયા, અને પછીથી હુમેશાં મેલાં લૂગડાં પહેરવાનું ભૂલી ગયા.

સારઃ—લૂગડાં હલકાં હોય તેની ફિકર નહિ પણ તે ધોએલાં અને ચોખ્ખાં રાખવાં.

---

૮. કજીઆ, ગાળાગાળી કે મારામારી કરવી નહિ.

કોઈની સાથે વઢવાડ કે મારામારી કરવી અથવા કોઈને ગાળ દેવી, એ હલકા માણસનું કામ છે; તેમજ કોઇ છોકરો ગાળ દે કે મારે, તેને માફી આપવી જોઈએ પણ તેને ઉલટી ગાળ દેવી કે મારવો, તે નીચામાં નીચું કામ કહેવાય. વળી લડાલડી કરી જીતવાથી ફૂલાઇ જવું નહિ, તેમજ માંહોમાંહે લડાઈ કરવાથી ત્રીજાનું ફાવી જાય છે માટે વઢવાડ, કજીઆ, ગાળાગાળી કે મારામારી કરવી નહિ.

વાર્તા ૧૫ મી એક તકરારી માણસ.



એક માણુસ ઘણો વઢવાડીઓ હતો. જેની ને તેની સાથે વાત કરતાં ચિડાઈ જાય ને લઢે, કોઇની સાથે હળીમળીને ચાલે નહિ. એક દિવસ એક માણુસ સાથે બોલતાં બોલતાં બાઝાબાઝી કરી ને સામા માણસને જેવો મારવા જતો હતો તેવામાં તેનો હાથ એક લાકડા સાથે અફળાવાથી ભાગી ગયો.


જુઓ, ઉપરના ચિત્રમાં દાક્તર સાહેબે તેને પાટો બાંધ્યો છે અને શિખામણ દે છે કે હવેથી કોઇ દિવસ કોઇનાપર ચિડાશો નહિ કે કોઇની સાથે તકરાર કરશો નહિ.

વાર્તા ૧૬ મી. રાજપુત્રી અને ગરીબની છોડી.

એક રાજકુંવરીને કોઇ ગરીબની છોડીએ ગાળો દીધી. આથી રાજકુંવરીએ રડતાં રડતાં બાપ આગળ જઇ ફરિયાદ કરી. રાજાએ તે ગરીબની છોડીને બોલાવી મંગાવી અને રાજપુત્રીને કહ્યું કે, તને જેણે ગાળો દીધી

તેને શિક્ષા કરવી આપણા હાથમાં છે; પણ તું તે છોકરીને માફ કરે તો તારી વડાઇ ગણાય. આ સાંભળી રાજપુત્રીએ પિતાની આજ્ઞા માની પોતાની સઘળી રીસ સમાવી તે છોકરીનો ગુન્હો માફ કર્યો અને છોડી મૂકતી વખતે કહ્યું કે, તને સખ્ત શિક્ષા કરવી મારા હાથમાં હતી પણ જા, તને માફ કરૂંછું; માટે હવેથી તું કોઇને ગાળ દઇશ નહિ અને તને કોઇ દે, તો તું ખાંખી રહેજે જેથી તારી આબરૂ વધશે.

વાર્તા ૧૭ મી. પોતાના મિત્રને મારી ફૂલાવું નહિ.



એક વખત બે કૂકડા એક ઉકરડા માટે લઢતા હતા તેમાં અંતે એકે બીજાને લોહીલોહાણ કરી હરાવી દીધો; જેથી તેને ઘણું વાગવાથી તે પોતાના ખડામાં ભરાઈ બેઠો, ને જીતનારો ઉડીને એક ઘરના છાપરાપર જઇ બેઠો, તથા હુ જીત્યો, હું જીત્યો એમ ફૂલાઈ જઇ

બડાઇનાં વચન બોલવા લાગ્યો. આ વખતે એક ગરૂડપક્ષી આકાશમાં ઉડતું હતું, તેણે એકાએક ઝડપ મારી અને આ બડાઈખોર કૂકડાને નહોરથી પકડી ઉપાડી ગયું. પછી હારેલો કૂકડો બહાર આવ્યો અને ઉકરડાનો ધણી થયો, જેથી તેનું કુટુંબ આવી ત્યાં વસ્યું.

આ જોડી કાઢેલી વાતનો સારઃ—કોઇની સાથે લડાલડી કરવી નહિ. તેમજ બડાઇ મારવી નહિ. બડાઇખોર માણસ છેવટ હાર્યા સિવાય રહેતો નથી અને અંતે તેની ઘણી ફજેતી થાય છે, માટે લડાઇનો પ્રસંગ ન લાવે તે ડાહ્યો કહેવાય.

વાર્તા ૧૮ મી. બેની લડાઇમાં ત્રીજો ખાઈ જાય.



એક વેળા એક સિંહ ને એક જંગલી રીંછ એ બેઉ એક ઠેકાણે મળ્યા. ત્યાં તેઓ બન્નેએ એક હરણનું મડદું દીઠું. આ જોઇને સિંહ કહે, “ એ મારૂં ને હું એમાંથી વધારે લઉં.” ને રીંછ કહે કે, “ એ મારૂં છે. હું વધારે લઉં.” આમ બોલતાં બોલતાં બેઉ મારામારીપર આવી ગયા. લડાઇ લાંબો વખત ચાલી ને છેવટ બેઉ મરણીઆ થઈને ભોંય ઉપર હાંફતા હાંફતા પડ્યા. એટલામાં એક શિયાળ ત્યાં આવી પહોંચ્યો. તેણે જોયું કે

એ બંનેથી કંઇ બની શકે તેમ નથી, એમ ધારી તે હરણને ઉપાડી ચાલતો થયો. આ વખતે બન્ને મોં વકાશીને થોડીવાર શિયાળ ભણી જોઇ રહ્યા, ને પછી એક બીજાને કહેવા લાગ્યા, આપણે પૂરેપૂરા અભાગીઆ છીએ, કારણ માંહોમાંહે આપણે લડીને શિયાળને શિકાર તૈયાર કરી આપ્યો.

આ જોડી કાઢેલી વાતનો સારઃ—કેટલાંક ભાઇ બેન વગેરે પોતાના ભાગમાટે માંહોમાંહે હોંસાતોંસી કરે છે, તેમ ડાહ્યાં છોકરાંએ ન કરવું જોઇએ.

---

૯. નિશાળે જવામાં હઠ કે મોડું કરવું નહિ.



મગને મંગુને કહ્યું, મારા બાપ કહેછે કે, કોઈ પણ દિવસ નિશાળે જતાં હઠ કે મોડું કરતો નહિ. નિશાળે મોડા જવાથી અભ્યાસમાં ખલેલ થાય છે એટલુંજ નહિ પણ પોતાના કામમાં મોડા થવાની માઠી ટેવ પડે છે, અને તેથી મોટપણે કોઈ પણ કામ નિયમસર થતું નથી.

વાર્તા ૧૯ મી. સાહેબ અને નિશાળે મોડો જનાર વિદ્યાર્થી.



મણિલાલ કરીને એક છોકરો હતો, તે નિશાળે જતાં દરરોજ હઠ કરતો હતો અને રસ્તામાં તમાસા જોવા ઉભો રહેતો તથા નિશાળે ઘણોજ મોડો પહોંચતો હતો. તેનાં માબાપ અને ગુરૂજી તેમ ન કરવા માટે તેને હમેશ શિખામણ દેતા તોપણ તે કશાને ગણકારતો નહિ. એક દિવસ તે અને તેનો મિત્ર બાપાલાલ નિશાળે જવા નીકળ્યા. તેવામાં રસ્તામાં તમાસો જોવા તે ઉભો રહ્યો, ત્યારે બાપાલાલે કહ્યું, અરે મૂર્ખ ! નિશાળનો વખત થઇ ગયો છે માટે ચાલ; તોપણ મણિલાલે તે માન્યું નહિ, જેથી બાપાલાલ એકલો નિશાળે ગયો. તે દિવસે નિશાળનો વખત થતાંજ એક સાહેબ નિશાળમાં પધાર્યા અને જે છોકરા હાજર હતા તે સર્વને દરેક છો-

કરા દીઠ એક એક રૂપિયો આપ્યો તથા તે ઉપરાંત મિઠાઈ વહેંચી તે તો જુદીજ.

તે સાહેબ ગયા પછી થોડી વારે મણિલાલ આવ્યો. તેને રૂપિયો કે મિઠાઇ એમાંથી કંઇ પણ ન મળ્યું એટલુંજ નહિ પણ મોડો આવ્યા બદલ તેને ઉલટો ઠપકો મળ્યો.

૧૦. દરેક કામે નિયમિત થવું.

વાર્તા ૨૦ મી. લાલા લજપતરાય અને કારકુન.



આ લાલાસાહેબ ઘણા નિયમિત છે. દરેક કામ ચોકસ વખતે અને નિયમિત રીતે કરેછે. એક મિનિટ પણ નકામી જવા દેતા નથી. તેમણે એક કારકુન રાખ્યો. તે એક દિવસ વખત કરતાં પા કલાક મોડો આવ્યો અને તે બદલ સાહેબ પાસે માફી માગવા લાગ્યો કે સાહેબ મારૂં ઘડીઆળ આજે નિયમિત ન ચાલવાથી પા કલાક વાર લાગી છે તે માફ કરશો. આ વખતે સાહેબ પોતાનું કામ કર્યેજ જતા હતા. તેમણે કહ્યું, ભાઇ, તમારે નિયમસર આવવું જોઇએ. કાં તો તમે તમારી સુસ્ત ઘડી-

આળને બદલી નાખો કે તે તમને અડચણ કરે છે. નહિ તો હું મારો કારકુન બદલી નાખું જેથી વિલંબ ન થાય.

કારકુન શરમાઇ ગયો અને પછીથી નિયમસર આવવા લાગ્યો.

વિદ્યાર્થીઓ! તમારે પણ નિયમસર નિશાળે આવવું. વખતસર ન આવે તેને આવા શબ્દો સાંભળવા પડે છે.

૧૧. દરેક ચીજ ઉપયોગી છે.


વાર્તા ૨૧ મી. નકામી માનેલી લાકડી.

એક માણસ પાસે મોટી લાકડી હતી, તે તેને ગમતી નહોતી, તેથી તે તેને ફેંકી દેતો હતો, એટલામાં એક બીજા માણસે કહ્યું, અરે, ભલા માણસ, એ લાકડી તારી પાસે રહેવા દે, કોઈ વખત ઉપયોગમાં આવશે. આ સાંભળી તે લાકડી પેલા માણસે પોતાની પાસે રાખી. એક દિવસ એવું બન્યું કે, તે એક રસ્તે થઇને જતો હતો, તેવામાં એક જોરાવર કુતરો તેને ભસવા મંડ્યો, તથા તેના શરીર પર ધસી આવ્યો, ને જેવો કરડવા જતો હતો, તેવીજ પેલા માણસે પોતાની લાકડી ઝટ ઉગામી એટલે કુતરો પાછો હઠીને ચૂપ થઇ ગયો. પેલા માણસે કહ્યું; "કેમ કુતરા ભાઈ, આવની સામો, હું તને સ્વાદ ચખાડું." કુતરે કહ્યું, "તું અભિમાન કરે છે તે ફોકટ છે. હું તારાથી બ્હીતો નથી પરંતુ તારા હાથમાંની લાકડીથી બીહું છું. તું લાકડી ફેંકી દે ને પછી જો કે હું શું કરૂં છું."

આ જોડી કાઢેલી વાતનો સારઃ—પરમેશ્વરે દુનીઆમાં જે જે ચીજો બનાવી છે તે તમામ ઉપયોગી છે, તેથી કોઇનો અનાદર કરવો નહિ.

૧૨. શરીરબળ કરતાં બુદ્ધિબળ મોટું છે.

વાર્તા ૨૨ મી. એક સિંહની વાત.



એક વખત એક પારધીએ ઘણા પશુઓનો શિકાર કર્યો, ત્યારે એક સિંહ બીજાં નાસતાં પશુઓને અટકાવી કહેવા લાગ્યો કે, તમે નાસોછો શું કરવા? હમણાં હું તમારા શત્રુને ઠેર કરૂંછું. એમ મોટી મોટી વાતો કરે છે એટલામાં તો એક તીર તેના લમણામાં વાગ્યો કે ચકરી ખાઇને પડ્યો. પછી થોડીવારે શુદ્ધિ આવી ત્યારે ઉઠીને નાસવા લાગ્યો. તે નબળો પડેલો જાણી એક હાથીએ તેને લાગ સાધીને કહ્યું, અરે! પશુરાજ, તમે પણ કેમ નાસો છો? તમારા જેવો બળવાન તો હાલના સમયમાં કોઇ નથી. સિંહે જવાબ દીધો, ભાઇ, મારા ધારવામાં ભૂલ પડી. જેનું તીર આવું જબરૂં છે તે માણસ કેવો બળવાન હશે? માટે તેના મોઢા આગળ મારૂં કશું ચાલવાનું નથી.

સારઃ—બુદ્ધિબળ વિના જે એકલું શરીરબળ કામે લગાડે તે કામનું નથી. જુઓ, પોતાની બુદ્ધિવડે કાળા

માથાનો માનવી વગર બળદે ગાડી ચલાવે છે. સંચે લુગડાં વણે છે, તેમજ દળવાનો, સિવવાનો, આકાશમાં ફરવાનો, દરિયા માર્ગે ઝપાટાબંધ જવા આવવાનો, છબી પાડવાનો, ગાયનની નકલ વાદ્યમાં ઉતારવાનો, સંદેશા લાવવા લઈ જવાનો, વિજળીના દિવા કરવાનો વગેરે બાબતોના નવા નવા હુન્નરો શોધી કાઢી મનુષ્યજાતી ઉપર કેટલો ઉપકાર કરે છે?

૧૩. વખતની કીંમત.

વખત ઘણોજ કીંમતી છે અને ગયો વખત પાછો આવતો નથી, માટે હે બાળકો! એક મિનિટ પણ નકામી છે, એમ ધારી તેને ગુમાવશો નહિ.

વાર્તા ૨૩ મી. એક મિનિટ પણ નકામી ગુમાવવી નહિ.



ચિમન અને ચંદુ એ બંને ભાઇ નિશાળેથી ઘેર આવ્યા, ત્યારે ચિમને કહ્યું કે, "મારાથી કાલનો અભ્યાસ થઇ શકશે નહિ કારણ તે ઘણો અઘરો છે, તેમજ તે તૈયાર કરવા માટે મને વખત પણ નથી." ચંદુએ કહ્યું,

"હજી રમવા જવાને દશ મિનિટની વાર છે તેટલામાં તું થોડો પાઠ ગોખ." ચિમને કહ્યું, "દશ મિનિટ તે શા લેખામાં ? એટલામાં કંઇ થાય નહિ," એમ કહી તે રમવા લાગ્યો. પણ ચંદુ તે વખતે પાઠ તૈયાર કરવા મંડ્યો અને દશ મિનિટ પછી બંને રમવા ગયા, તથા ત્યાંથી આવ્યા પછી જમવાને દશ મિનિટની વાર હોવાથી ચંદુએ પોતાનો પાઠ જેવો તેવો તૈયાર કર્યો. આ બધો વખત ચિમને આળસમાં ખોયો. બીજે દિવસે તેઓ નિશાળે ગયા તો ચંદુનો પાઠ તૈયાર હતો, અને ચિમનને કંઇ આવડ્યું નહિ; જેથી માસ્તરે તેને પૂછ્યું, "તેં તારો પાઠ કેમ તૈયાર નહિ કર્યો ?" તેણે કહ્યું, "સાહેબ, મને તે તૈયાર કરવા માટે બિલકુલ વખત મળ્યો નહિ." ચંદુને પૂછ્યું "તને શી રીતે વખત મળ્યો ?" તેણે કહ્યું, "કસરત કરવા જતા પહેલાં દશ મિનિટ, જમ્યા પહેલાં દશ મિનિટ, અને સૂવા જતા પહેલાં અરધો કલાક તેમજ સવારે નિશાળે આવતા પહેલાં પણ પાંચ મિનિટ મને મળી હતી."

માસ્તરે કહ્યું, "ઠીક; એક કલાકમાં તારો પાઠ તૈયાર થઇ ગયો." પછી ચિમનને કહ્યું, "તું છેલ્લો જા, અને હવે યાદ રાખજે કે પાંચ કે દશ મિનિટ નકામી છે એમ ધારી તે ગુમાવતો નહિ." છેલ્લા જવાથી તથા ઠપકો મળવાથી ચિમનને ઘણી ચાનક લાગી.

સારઃ—જે છોકરાને ભણવાનું મન છે તેણે થોડો વખત પણ કદી નકામો ગુમાવવો નહિ. જો પાંચ મિનિટ વખત મળે તોપણ તેટલા વખતમાં બને તેટલો અભ્યાસ કરવો. દરરોજ પાંચ પાંચ મિનિટના અભ્યાસથી પણ કેટલાક લોક મોટા વિદ્વાન થઇ ગયા છે.

૧૪. કોઈ દિવસ વિશ્વાસઘાત કરવો નહિ.

વાર્તા ૨૪ મી. એક રીંછ અને બે મુસાફર.



મગન ને મોતી નામના બે મિત્રો પરગામ જતા હતા. તે વખતે મગને રસ્તામાં જંગલી જનાવરનાં પગલાં દેખી મોતીને કહ્યું. "કદાચિત્ આપણને આ ઠેકાણે જંગલી જનાવર મળે તો કેમ કરવું ?" ફિશિયારી મારનાર મોતીલાલે કહ્યું, "તું બીએ છે શા માટે ? આપણે એક બીજાને મદદ કરીશું." થોડીવારમાં પાસેના જંગલમાંથી એક રીંછ નીકળ્યું. મગને કહ્યું, "પેલું જનાવર જોની." એમ તે બોલે છે એટલામાં મોતી પોતાના મિત્રને તે જગાએ પડતો મૂકી પાસેના ઝાડ ઉપર ચઢી ગયો. આથી મગન ગભરાયો નહિ, પણ ત્યાંથી નાસવાનો એકે રસ્તો ન હોવાથી વિચાર કરી તે ચત્તોપાટ ભોંય ઉપર સૂતો, અને શ્વાસ ઘેરી મડદાની માફક પડી રહ્યો. પછી તે રીંછે આવીને તેને

સુંઘ્યો, તથા તેની આસપાસ ફરી તેને મૂએલો ધારી ચાલતું થયું. પછી મગન ઉઠી ઉભો થયો. તે વખતે મોતી પણ ઝાડ ઉપરથી ઉતર્યો; તેણે મગનને પૂછ્યું, "રીંછે તારા કાનમાં શું કહ્યું ?" તેણે જવાબ દીધો, "તારા જેવા બડાઇખોરનો કદી વિશ્વાસ કરવો નહિ." એમ તેણે કહ્યું.

સારઃ—બડાઇખોર લોક બીકણ હોય છે. તેઓનું ખરૂં બળ આવા સંકટ સમયે જણાઈ આવે છે; માટે વિશ્વાસઘાત કરી દુઃખની વખતે મિત્રને છોડી દેવો નહિ.

૧૫. સંપ ત્યાંજ ઝંપ છે; માટે સર્વ સાથે હળી-મળીને રહેવું.

વાર્તા ૨૫ મી. સંપ ન રાખવાના ફળ.




ત્રણ બળદોને મિત્રતા હતી. તેઓ હમેશાં ભેગા રહી ખેતરોમાં ચારો ચરતા. તેમના ઉપર એક સિંહ લાંબો વખત થયાં ટાંપી રહ્યો હતો; પણ તે સંપીલા હોવાથી તેનું કશું ફાવતું નહોતું; તેથી અંતે તેણે એક

પ્રપંચ રચ્યો, અને વિચાર્યું કે, એ ત્રણેમાં ફૂટ પડ્યા સિવાય આપણું કશું ફાવનાર નથી. પછી તેણે યુક્તિથી થોડી થોડી વાર દરેક સાથે મળી જઇને તેમના એક બીજાની વિરૂદ્ધ કાન ભંભેર્યા. આમ કરવાથી તેમનામાં ફૂટ પડી, ને તેઓ એકમેકથી છૂટા પડી ચરવા લાગ્યા. આ લાગ જોઇને સિંહ વારાફરતી તૂટી પડ્યો ને તે ત્રણેને મારી નાખ્યા.

સાર:—જુઓ, સંપ ન રાખવાથી ત્રણે બળદો એક પછી એક નાશ પામ્યા માટે નજીવાં કારણો માટે માંહોમાંહે ફુટ થવા દેવી નહિ અને હરેક પ્રકારે સંપ રાખવો કે જેથી સુખ મળશે.

બાળકોની રમત.



જુઓ, ઉપરના ચિત્રમાં નાનાં નાનાં બાળક પણ કેવાં હળીમળીને રમે છે.



૧૬. પરમેશ્વર જે કરે છે તે સારૂંજ કરે છે.

વાર્તા ૨૬ મી. એક માણસને મળેલો ચોર.



એક માણસ ઘોડાપર બેસી હજાર રૂપિયા લઇ પોતાને ગામ જવા નીકળ્યો; પણ રસ્તે જતાં વરસાદ વરસવાથી તે છેક ભીંજાઈ ગયો; જેથી તે પરમેશ્વરને કહેવા લાગ્યો કે અરે પ્રભુ! તેં બે કલાક વરસાદ થોભાવ્યો હોત તો બહુ સારૂં થાત, કારણ મારે ટાઢે ઠુંઠવાવું ન પડત. એમ વિચાર કરતો જાય છે એટલામાં સામેથી બંદૂક સહિત એક ચોર મળ્યો. તેણે કહ્યું, “ઉભો રહે અલ્યા, મૂકી દે માલ, નહિ તો બંદૂકથી તારો જીવ લઇશ.” પેલો માણસ ગભરાઇ ગયો, પણ હિમ્મત રાખી ધન આપ્યું નહિ. પછી ચોર બંદૂક ફોડવા લાગ્યો પણ દારૂ પલળી ગયેલો હોવાથી તે ફૂટી

નહિ તેથી પેલા માણુસે ઘોડો દોડાવી મૂકયો, ને વિચાર્યું કે, હું તો પરમેશ્વર પાસે વરસાદ ન વરસવાનું માગતો હતો પણ જો વરસાદ ન પડ્યો હોત તો મારૂં તો નક્કી આવીજ બન્યું હોત.

સારઃ–કેટલાક છોકરા એમ ધારે છે કે પરમેશ્વરે મને આવું સુખ આપ્યું હોત તો સારૂં થાત પણ પરમેશ્વર જે કરે છે તે સારૂંજ કરે છે.

વાર્તા ૨૭ મી. સાહેબ અને દૂધીનો વેલો.




એક દિવસ એક સાહેબ સાંજે હવા ખાવા નીકળ્યા,

અને નદી કિનારે જઈ આંબા તળે બેઠા તથા ટોપી ખોળામાં મૂકી વિચારમાં પડ્યા. એટલામાં તેમની નજર દૂધીના વેલા ઉપર પડી, જેથી પોતે બોલ્યા, અરે ઈશ્વર, આ વેલો ટચલી આંગળીથી પણ પાતળો છે અને વેંતથી પણ નીચો છે તે છતાં આવડાં મોટાં દૂધીઆં (નઈઆં) શા માટે તેને લગાડ્યાં છે ? એ બાપડા નાના વેલાને માટે નાની કેરી જેવડાં ફળ બસ હતાં. જોકે જમીન ઉપર વીંટાયલા આ નબળા વેલાને એવડી મોટી દૂધી અને મોટાં આકાશ સાથે વાતો કરતાં જબરાં ઝાડોને નાનાં નાનાં ભમરડા જેવડાં ફળ કર્યાં છે, એ બરાબર ન કહેવાય. એમ વિચાર કરે છે એટલામાં એક કેરી તેમના માથા ઉપર તડાક કરતી પડી, જેથી તે બેહોશ થઈ ગયા. પછી થોડીવારે તેમને શુદ્ધિ આવી ત્યારે તે કહેવા લાગ્યા કે, અરે ઈશ્વર ! તેં જે કંઈ કર્યું છે, તે બરાબર જ કર્યું છે. આ ઉંચાં ઝાડોને આ નાનાં ફળને બદલે આવડી મોટી દૂધી જેવડાં ફળ જો તેં કર્યાં હોત તો આજ વખતે મારૂં તો માથું પણ ભાગી જાત; માટે હે પ્રભુ ! તું જે કરે છે, તે સારૂંજ કરે છે.



૧૭. સર્વ સાથે માયાળુ થવું.

વાર્તા ૨૮ મી. હાથી અને બાળક.



એક હાથીને એક નાના બાળક સાથે એટલું બધું હેત બંધાયું હતું કે, જ્યારે તે બાળક તેની પાસે ન હોય ત્યારે તે ઘણોજ ઉદાસી દેખાતો હતો. બાળકની મા તેને પારણામાંથી બહાર કાઢી હાથીના પગ વચ્ચે મૂકતી પણ તે તેને કંઇ ઇજા કરતો નહિ. આખરે તે હાથીનું હેત તે બાળક સાથે એટલું બધું વધી ગયું કે જ્યારે તે બાળક પોતાની પાસે ન હોય ત્યારે તે ખાતો નહિ. વળી જ્યારે બાળક ઉંઘતું હોય ત્યારે પોતાની સૂંઢ વતી માખી ઉરાડતો ને જ્યારે તે રડતું હોય ત્યારે તેનું પારણું હીંચોળી તેને તે ઉંઘાડી દેતો હતો. આ બાળક મોટી ઉમરનો થયો, ત્યારે પણ તેને ઘણી વખત ભયમાંથી તે હાથીએ બચાવ્યો હતો.

સારઃ—સાબાશ છે આવા મૂંગા જનાવરને, કે તેનામાં પણ આવો માયાળુપણાનો ગુણ રહેલો છે.

૧૮ કોઇના વાદ કરવા નહિ.

વાર્તા ૨૯ મી. દેખાદેખી.



એક દિવસ મરાઠી કન્યાશાળાનાં મેહેતીજીને તેમના વર્ગની કન્યાઓએ એક વાર્તા કહેવા વિનંતી કરી, તેપરથી તેમણે કહ્યું કે, એક વખત એક ગરૂડ પક્ષીએ એક મેંઢાના બચ્ચા ઉપર તલપ મારી અને તેને લઇને ઉડી ગયું. આ બનાવ ઝાડ ઉપર બેઠેલા એક કાગડાએ જોયો અને બોલ્યો, અરે! એણે ઠીક તાલ કર્યો. લાવને હું પણ કંઇ એવીજ યુક્તિ કરૂં. એમ વિચારી નીચે પડેલા એક મડદાના હાડપિંજરપર તેણે તરાપ મારી, પણ પગ અંદર ભરાઇ ગયા ને ભાઇસાહેબ તો સજડ ફસાયા. નીકળવાને બહુએ તરફડીઆં માર્યાં પણ શું વળે? હવે તો સમજ્યા કે લાંબા જોડે ટુંકો જાય તો મરે નહિ તો માંદો થાય.

આ જોડી કાઢેલી વાતનો સારઃ—તમારે કોઈના વાદ કરવા નહિ. સામા માણસની પાસે સારી વસ્તુ દેખી તેવી વસ્તુ માટે હઠ કે આડાઇ કરવી નહિ. સા-

માની હવેલી જોઇ પોતાની ઝુંપડી તોડી પાડવી નહિ પણ તેના જેવી મેળવવાને ઉદ્યોગ કરવો.

૧૯. હમેશાં ઉદ્યોગ કરવો.

વાર્તા ૩૦ મી. ખેડુત ને તેનું હળ.



જુઓ, ચોમાસામાં વરસાદ વરસતો હોય ત્યારે આપણને ઘરમાંથી બહાર નીકળવાનું ગમતું નથી, કારણ કે પગ તથા લૂગડાં કાદવવાળાં થઈ બગડે છે. આવી વખતે ખેડુત પોતાનું હળ લઈ ખેતરમાં ખેડવા જાય છે. તે કેવો સારો ઉદ્યોગ કરેછે! જો હળવતી જમીન ખેડે નહિ અને આળસુ થઈ ઘરમાં બેસી રહે તો અનાજ પાકે કયાંથી, અને અનાજ ન પાકે ત્યારે આપણે ખાઈએ શું ? વળી ઉદ્યોગ કરનાર માણસને સર્વ વસ્તુ આવી મળે છે અને આળસુ થઈ બેસી રહેનાર માણસનો આવરદા ટુંકો થાય છે. માટે હરેક વખત આપણે પ્રમાણિકપણે ઉદ્યોગ કરવો જોઇએ. પ્રમાણિક ઉદ્યોગમાં પણ જે ઉપયોગી અને પરોપકારી ઉદ્યોગ હોય તે વધારે સારો ગણાય છે.

બાદશાહ જ્યૉર્જ પાંચમા.

